સે-૩૦ની ડમ્પીંગ સાઈટ પર કચરામાંથી કંચન બનાવવા માટે ટ્રો મીલ મશીન

ટ્રો મીલ મશીનમાં પ્રતિકલાક ૩૦ ટન કચરો પ્રોસેસ થશે : હાલ ડમ્પીંગ સાઇટ પર ૧ લાખ ટન કચરાનો ઢગ : છુટા પડેલા પ્લાસ્ટીક વેસ્ટના નિકાલ માટે સુરતની કંપનીને કામ સોંપાયુ કચરામાંથી ૩૦ ટકા ખાતરનુ ઉત્પાદન થશે

ગાંધીનગર તા ૨૮

સે-૩૦ સ્થિત ડમ્પીંગ સાઈટ પર ખડકાયેલા મોટામસ કચરાના ઢગનો નિકાલ કરવા માટે આજે કોર્પોરેશને ટ્રો મીલ મશીન ખુલ્લુ મક્યુ હતુ આ મશીનના માધ્યમથી કચરામાંથી પ્લાસ્ટીક છુટુ કરીને ખાતર બનાવાની પ્રકીયા હાથ ધરાશે. આ મશીનના આધારે પ્રતિકલાક ૩૦ ટન કચરો પ્રોસેસ થશે. હાલ આ ડમ્પીંગ સાઈટ પર અંદાજિત ૧ લાખ ટન જુના કચરાનો ઢગ છે. આગામી દિવસોમાં અન્ય ટ્રો મીલ મશીન પણ કાર્યરત કરાશે. આ પ્રોજેકટ અપેક્ષા મુજબ સફળ થાય તો ડમ્પીંગ સાઈટ પર વર્ષોથી ખડકાયેલા કચરાનો યોગ્ય નિકાલ થશે. આ ઉપરાંત ખાતરની ઉપજમાંથી આવક પણ થશે.

સે-૩૦ માં સ્થિત શહેરની ડમ્પીંગ સાઈટ પર કચરાનો મસમોટો ખડકલો થયો છે. આ ઠેકાણે વર્ષ ૨૦૧૨ થી ડમ્પીંગ સાઈટ અસ્તિત્વમાં આવતા શહેરનો એકત્રિત થયેલો કચરો ઠલવાય છે. અત્યંત દુર્ગંધયુક્ત વાતાવરણ અને કચરાનો સમયસર નિકાલ ન થતા આસપાસનુ વાતાવરણ પણ પ્રદુષિત બન્યુ છે. જયારે હવે કોર્પોરેશન દ્વારા આ કચરામાંથી પ્લાસ્ટીક છુટુ પાડીને ખાતર બનાવાની યોજનાના ભાગરૂપે નવુ મશીન મુકવામાં આવ્યુ છે. આ મશીનનુ આજે વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. જેના આધારે આગામી દિવસોમાં ડમ્પીંગ સાઈટ પર ખડકાયેલા કચરાનો નિકાલ થશે અને ખાતરનુ ઉત્પાદન પણ થશે જયારે સુરતની ઈકોવિઝન કંપની આ મશીનના આધારે છુટા પડાયેલા પ્લાસ્ટીકનો જથ્થો લઈ જશે. હાલ ડમ્પીંગ સાઈટ પર અંદાજિત ૮૦ હજારથી ૧ લાખ ટન જેટલો કચરો ખડકાયેલો છે.

જયારે અમદાવાદ પીરાણા ડમ્પીંગ સાઈટની પેટર્ન મુજબ સે-૩૦ની ડમ્પીંગ સાઈટ પર બે ટ્રો મીલ મુકવાનુ આયોજન કરાયુ છે. જયારે આજે એક ટ્રો મીલ કાર્યરત કરી દેવાતા હવે આ મશીનના આધારે પ્રતિકલાક ૩૦ ટન કચરો પ્રોસેસ થશે. પ્રતિદિન ૮ કલાકમાં ૨૦૦ થી ૨૪૦ ટન કચરો મશીનમાં પ્રોસેસ કરીને આ કચરાના જથ્થામાં ૩૦ ટકા જેટલુ ખાતર ઉત્પાદન કરાશે.

આગામી દિવસોમાં બીજુ ટ્રો મીલ પણ કાર્યરત થશે. કોર્પોરેશન દ્વારા નવા કચરાના નિકાલને અનુલક્ષી એમલોન કંપની સાથે ૨૦ વર્ષના કરાર કર્યા છે. આખરે છેલ્લા સાત વર્ષથી ગંદકીથી ખદબદતી આ ડમ્પીંગ સાઈટ પર ખડકાયેલા કચરાનો નિકાલ કરવાની યોજના કાર્યરત થઈ છે. જેના લીધે સ્મશાન સહીત આસપાસના વિસ્તારમાં પ્રવર્તેલી દુર્ગંધમાંથી પણ સ્થાનિકોને છુટકારો મળશે તેવી આશ બંધાઈ છે.

કુપોષણ મુક્તિ અભિયાનને સઘન બનાવવા માટે

જિલ્લાના ૪૦ આંગણવાડી કેન્દ્રમાં કિચન-ગાર્ડન પ્રોજેક્ટ અમલી બનાવાશે

આંગણવાડી કેન્દ્રો સહિતના વિવિધ પ્રકલ્પોની સમીક્ષા કરતા જિલ્લા વિકાસ અધિકારી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની ૪૦ આંગણવાડીમાં બાળક અને માતાના કુપોષણને દૂર કરવા માટે ખાસ કિચન ગાર્ડન પ્રોજેક્ટ ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગ તેમજ મહિલા બાળ-વિકાસ વિભાગ સુયોગ્ય સંકલનમાં રહી ડેવલપ કરશે.

જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના ૮ ઘટકોમાંથી પાંચ-પાંચ આંગણવાડી કેન્દ્રોની પસંદગી કરાશે. એનીમીક મધર અને એનીમીક બાળકોને શોધવાની ૧૦૦ ટકા કામગીરી એક માસમાં પૂર્ણ કરાશે.

આંગણવાડી કેન્દ્રોની પસંદગી પ્રક્રિયા પણ આરંભી દેવામાં આવી છે. જે કેન્દ્રને મકાન અને જમીનની સુવિધા ઉપલબ્ધ હશે ત્યાં જ હાલ આ ઈનોવેટીવ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આ ઈનોવેટીવ પ્રોજેક્ટ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી અને તેમાં થયેલ પ્રગતિની સર્વગ્રાહી સમીક્ષા પણ કરી હતી.

મહિલા બાળ વિકાસ વિભાગની શાખાની સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ વિભાગના જુદા જુદા પ્રકલ્પોની જવાબદારી સંભાળતા કર્મયોગીઓની કામગીરીના મૂલ્યાંકન સહિત ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં મુકવામાં આવશે તેવા પણ સ્પષ્ટ સંકેત આપ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં તેમણે કુપોષણ મુક્તિ અભિયાન વિશે વિસ્તૃત વાતો કરી જણાવ્યુ હતુ કે આમાં લાભાર્થી સુધી સીધો લાભ પહોંચે તેની પણ ચકાસણી ખાસ મોનીટરીંગ સિસ્ટમથી કરવામાં આવશે.

તેમણે પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના લાભાર્થીઓની નોંધણી તેમજ વધુમાં વધુ યોજનાનો પ્રસાર થાય તેના પર વિશેષ ભાર મુક્યો હતો.

આંગણવાડી કાર્યકરને આપવામાં આવેલ મોબાઈલમાં ઝઇજી ના ઉપયોગને લઈ પણ સમીક્ષા કરવામાં આવી હતી એટલુ જ નહિ આ એપનો ઉપયોગ અસરકારકતા સાથે થાય તેમજ સારૂ કામ વધુ સારૂ બને તે માટેની સૂચનાઓ આપી હતી.

આંગણવાડી કેન્દ્રો નિયમિત અને સમયસર ખુલતા નહિ હોવાની મળેલ ફરિયાદો અંગે જિલ્લા વિકાસ અધિકારીએ નારાજગી વ્યક્ત કરી હતી. નિયમિતતાની સાથે સમય સૂચકતામાં કોઈ પણ તબક્કાની બેદરકારી સાંખી લેવામાં આવશે નહિ આ માટે આકસ્મિક તપાસ પણ સ્કવોડ દ્વારા કરવામાં આવશે તેવી ચીમકી આપી હતી.

રાજ્યના મુખ્ય સચિવ પદે અનિલ મુકીમ નિશ્ચિત

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યના મુખ્ય સચિવ પદે સિનિયર સનદી અધિકારી અનિલ મુકીમની પસંદગી નિશ્ચિત મનાઈ રહી છે. ભારતસરકારે પણ તેમને ડેપ્યુટેશન પરથી પરત મોકલવા અંગેના હુકમો જારી કરી દીધા છે.

રાજ્યનાળ મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘ ૩૦મીએ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થઈ રહ્યા છે. તેમના તેઓ અનુગામી બનશે. અનિલ મુકીમે રાજ્ય સરકારમાં અને કેન્દ્ર સરકારમાં મહત્વની જગ્યાઓ પર સેવાઓ આપી ચૂક્યા છે.

જિલ્લાના મહેસુલી કેસોના ઝડપી નિકાલ માટે કલેક્ટરની તાકીદ

પેરાઓના નિકાલ માટે પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં જુના અને પડતર મહેસુલી કેસોનું આયોજન કરી સમયબદ્ધતા સાથે તેનો નિકાલ કરવામાં આવે તેવી સૂચના જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ આપી છે.

જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠકને સંબોધતાં તેમણે આ કેસોના નિકાલ માટે ચોક્કસ આયોજન સાથે આગળ વધવામાં આવે એટલુ જ નહિ ખાતાકીય તપાસના કેસો જે કંઈ પડતર હોય તેનો પણ ઝડપથી નિકાલ થાય તે જોવા કહ્યુ હતુ.

આ બેઠકમાં આઈઓરા-૨.૦ના અમલીકરણ અંગે તેમણે તંત્રને આધુનિકતા સાથે ઝડપથી કદમ મિલાવવા કહ્યુ હતુ. આમાં ઝડપી નિકાલની સાથે સાથે તંત્ર વધુ પ્રજાભિમુખ બની શકશે તેમ પણ જણાવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટર ડૉ. આર્યએ આ બેઠકમાં મહેસુલી વસુલાતના કેસો જે છે તેમાં અસરકારકતા આવે તેવી પણ સૂચના આપી હતી.

પેરાઓના નિકાલ માટે પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો. જિલ્લા કલેક્ટરે સી.એમ.ડેસ બોર્ડમાં નિયમિત અને સમયાંતરે થતી રહે તે જોવા માટે પણ કડક તાકીદ કરી હતી.

તંત્રને સંવેદનશીલતા અને પ્રજાભિમુખ બને તે જોવા સાથે નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ થાય તે જોવા પર ખાસ ભાર મુક્યો હતો. ગણોતધારા અંતર્ગત જે પૈસા ભરાવવાના હોય છે તે કામમાં ગતિ આવે તે જોવા પણ સૂચના આપી હતી.

આરોગ્ય સેવાઓની રિપોર્ટીંગ સિસ્ટમ ખોટવાઈ

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય આરોગ્ય કર્મચારી મંડળે આપેલા રિપોર્ટીંગ બહિષ્કારના એલાનને પગલે આજે વિવિધ સેવાઓ જે ઓનલાઈન હતી તેના રિપોર્ટીંગમાંથી લોગ-આઉટ કર્મયોગીઓ થતાં આરોગ્ય સેવાઓને અસર પડી છે.

જન્મ-મરણ નોંધણી સહિતની સેવાઓ ઉપરાંત ફેમીલી હેલ્થ સર્વે, શાળા-આરોગ્ય ચકાસણી સહિતની કામગીરી ઠપ્પ થવા પામી છે.

રાજ્યના આરોગ્ય કર્મચારી મહામંડળે આજથી આંદોલનના શ્રીગણેશ કર્યા છે અને પ્રથમ દિવસે જ તંત્રની વિવિધ રિપોર્ટીંગ સેવાઓ પર અસર થવા માંડી છે. જો કે મહામંડળે હાલ લોગ આઉટ થવાની અને ૧લી ડિસેમ્બર પછી મોબાઈલ જમા કરાવી દેવાના આદેશો જારી કર્યા છે.

સે-૩૦માં નવી આવાસ યોજનાને વીર સાવરકર પાર્ક નામ અપાયુ

ટુંકમાં મકનોનુ લોકાર્પણ કરાશે : બી કક્ષાના ૩૩૬ આવાસો તૈયાર થતા કર્મચારીઓને ટુંકમાં જ ફાળવી દેવાશે

ગાંધીનગર તા ૨૮

શહેરમાં નવા આવાસો બાંધવાની યોજના અન્વયે સે-૩૦ માં નવી ટાવર કોલોની તૈયાર કરી દેવામાં આવી છે. આવાસ યોજના અંતર્ગત બી કક્ષાના ૩૩૬ મકાનો તૈયાર કરાયા છે. જયારે આ સરકારી કોલોનીને વીર સાંવરકર પાર્ક નામ આપવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં ટુંકમાં જ નવા આવાસોનુ લોકાર્પણ પણ કરી દેવાશે.

શહેરમાં જુના અને કંગાળ સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ સે-૬ માં નવી ટાવર કોલોની બાંધવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં પણ હજુ નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી કરાશે. સે-૬ માં હજુ બી કક્ષાના ૨૮૦ અને સી કક્ષાના ૩૩૬ નવા આવાસો બાંધવા માટે ટુંકમાં કાર્યયોજના આખરી કરાશે. જયારે અગાઉ સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા સરકારી આવાસો બાંધવામાં આવ્યા છે. જે પૈકી સે-૭ સ્થિત શ્યામજી કૃષ્ણ વર્મા પાર્કની આ કોલોનીમાં સૌ પ્રથમ નવા આવાસોની ફાળવણી કરવામાં આવતા કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. આ ઉપરાંત સે-૨૯ માં પણ બી કક્ષાના ૪૪૮

● અનુસંધાન પાન-૭ પર

આજે મોટી પાવઠી ગામે રાત્રિ ગ્રામસભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

દહેગામ તાલુકાના અંતરિયાળ ગામ મોટી પાવઠી ખાતે આજે જિલ્લાતંત્ર દ્વારા રાત્રિ સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ રાત્રિ સભામાં જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ સહિત જિલ્લાના વિવિધ અધિકારીઓ હાજર રહેનાર છે. આ રાત્રિ સભામાં ગ્રામ વિકાસના પ્રશ્નો સહિત અન્ય વિભાગોના પ્રશ્નો અંગે રજુઆતો સાંભળી તેના નિકાલ માટે તેમજ સરકારીની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવશે.

સ્થાનકવાસી જૈન બેસણું

મારા માતુશ્રી શ્રીમતિ દમયંતીબેન જયસુખલાલ જાટકિયા ઉ.વ. ૭૭, તા. ૨૫/૧૧/૨૦૧૯ને સોમવારે અરિહંત શરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું/પ્રાર્થનાસભા તા.૨૯/૧૧/૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ: સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ હોલ, વિશ્વકર્મા મંદિર સામે, સેક્ટર-૧૨/બી, ગાંધીનગર

જયદીપ(જયેશ) જયસુખલાલ જાટકિયા મો. ૯૦૯૯૯૪૪૪૯૦

શ્રી મોહક જયદીપ જાટકિયા મો.૯૯૭૪૦૪૧૩૮૮ | ચિ. હયાંશ મોહક જાટકિયા
શ્રી હસમુખરાય તારાચંદ જાટકિયા | શ્રી હિરેન હસમુખરાય જાટકિયા
શ્રી ગિરીશચન્દ્ર તારાચંદ જાટકિયા | શ્રી પુનિત ગિરીશચન્દ્ર જાટકિયા
શ્રી અનંતરાય તારાચંદ જાટકિયા | શ્રી પ્રણવ અનંતરાય જાટકિયા
ડો. પારૂલ ભાવિક શાહ (પુત્રી) | શ્રી હિમાંશુ હરકાન્ત જાટકિયા
શ્રીમતી હિના વિશાલ કોઠારી (પુત્રી) | ચિ. ધ્વનિ જયદીપ જાટકિયા

ફર્મ : અરિહંત રેડીમેડ ગારમેન્ટસ્, ગાંધીનગર

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

N. C. Zaveri (શેરથાવાળા)

GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.

૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯

શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)

૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની એક મહત્વની બેઠક જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળી હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, તેમજ પંચાયતોમાં ચૂંટાયેલા પક્ષના સભ્યો અને અપેક્ષિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રામવિકાસ એજન્સીના નિયામક તરીકે વધારાનો હવાલો મનીષા પટેલને સોંપાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટની બદલીના હુકમો થયા બાદ તેમની જગ્યાનો વધારાનો હવાલો નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલને સોંપવાના હુકમો જારી કરાયા છે. સુશ્રી મનીષા પટેલે આજે આ વધારાના ચાર્જનો હવાલો સંભાળી લીધો છે.

રાજ્યમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીમાં અચાનક વધારો

ગાંધીનગર,તા. ૨૮

ગાંધીનગર સહિત રાજ્યમાં હવે ઠંડીનો અનુભવ થવા લાગી ગયો છે. ખાસ કરીને ગાંધીનગરમાં તો સવારમાં લોકો ઠંડી અનુભવી રહ્યા છે. આજે નલિયામાં પારો એકાએક ગગડ્યો હતો અને લઘુત્તમ તાપમાન ઘટીને ૧૨.૬ ડિગ્રી થઈ ગયું હતું. અમદાવાદમાં પણ પારો હવે ૨૦થી નીચે પહોંચી ગયો છે. ઠંડી વધવાના સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે, જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે હિમવર્ષા છેલ્લા ચાર દિવસથી થઈ રહી છે. મેદાની ભાગોમાં પણ ઘણી જગ્યાએ વરસાદ થયો છે જેમાં દિલ્હીનો સમાવેશ થાય છે. રાજસ્થાનમાં યલો એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. આજે અમદાવાદમાં સવારમાં ઓફિસ જતા લોકો હવે ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

શહેરમાં ફુટપાથના ગાબડા પુરવાના મામલે તંત્રની એકમેક ખો આપવાની નિતી

સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના લીધે ફુટપાથ કંગાળ હાલતમાં : યોગ્ય રીપેરીંગના અભાવે ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા

ગાંધીનગર તા ૨૮

શહેરમાં ફુટપાથની હાલત અત્યંત કંગાળ જોવા મળી રહી છે. એકબાજુ ફુટપાથની જાળવણી માટે કોઈ ગતિવિધિ હાથ ધરાતી નથી જયારે બીજીતરફ સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના અંતે શહેરના વિવિધ માર્ગો આસપાસ ફુટપાથમાં હાલ ઠેર ઠેર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે તુટેલી ફુટપાથનુ સમારકામ કોણ હાથ ધરશે તે મામલે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. માર્ગ મકાન વિભાગે આ અંગે અગાઉ પણ પત્ર લખીને કોર્પોરેશનને જાણ કરી હતી ત્યારે હજુ પણ વોક વે ના ગાબડા પુરવા માટે ખો આપવાની નિતી અપનાવામાં આવી રહી છે.

શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના રીંગ રોડ આસપાસ સહીતના વિસ્તારમાં અંદાજિત ૯૧ કીમી વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે. નગરમાં ઘ-૫ થી સરકીટ હાઉસ તરફ જવાના માર્ગ પર પ્રથમ ફુટપાથનુ કામ હાથ ધરાયુ હતુ. શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ સહીત વિવિધ માર્ગો પર તબક્કાવાર ફુટપાથની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ફુટપાથની બાકી કામગીરી માટે સર્વે પણ હાથ ધરાયો હતો. જેના અંતે અન્ય બાકી રહેતા વિસ્તારમાં પણ વોક વેનુ કામ હાથ ધરાયુ હતુ. ફુટપાથ નિર્માણની યોજના અન્વયે શહેરમાં અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે ફુટપાથની જાળવણીના મામલે આજદિન સુધી યોગ્ય આયોજન થયુ નથી ફુટપાથને પણ સર્કલોની જેમ વાઈબ્રન્ટ ટાંણે જ કર્બિંગને કલરકામ કરી સંતોષ માની લેવામાં આવે છે. વાઈબ્રન્ટ ટાંણે ફુટપાથના ગાબડા પુરવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવતો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. પરંતુ ફુટપાથ પર આડશ બનતા કપાયેલા વૃક્ષોના થડીયા પણ હજુ સુધી દુર થઈ શક્યા નથી.

જયારે હવે કોર્પોરેશને હાથ ધરેલી ખોદકામગીરીના અંતે પણ ફુટપાથમાં મોટામસ ગાબડા સર્જાયા છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના અંતે શહેરના માર્ગો આસપાસ સ્થિત ફુટપાથની દશા બેઠી છે. વરસાદી પાણીના નિકાલની સમસ્યા તો દુર થશે ત્યારે પણ હાલ શહેરમાં ઠેર ઠેર આ ખોદકામગીરીના લીધે ઉદભવેલા પ્રશ્નોનુ કયારે નિરાકરણ આવશે તેવો આક્રોશ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. કરોડોના ખર્ચે નિર્માણ થયેલી ફુટપાથનુ સમારકામ કોણ કરશે તે મામલે પણ કોર્પોરેશન અને માર્ગ મકાન વિભાગ એકબીજાને પત્ર લખી ખો આપી રહ્યા છે.

ગાંધીનગર માટે

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

ફક્ત ફોન કરો

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com